સ્વ. અ. સૌ. મુક્તા બ્હેનની

પાઠય પૂજા.

પ્રકાશક

ગિરધરલાલ હરિલાલ પંડયા.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦ સને ૧૯૨૫.

મૂલ્ય-અમૂલ્ય.

સ્વ. અ. સૌ. મુક્તા બ્હેનની

પાઠ્ય પૂજા.

પ્રકાશક

ગિરધરલાલ હરિલાલ પંડ્યા...

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦ સને ૧૯૨૫.

મૂલ્ય-અમૂલ્ય.

स जयति सिंधुरवदनो देवो
यत्पदपंकजस्मरणम् ।
वासरमणिरिव तमसाम्
राशीन्नाशयति विघ्नानाम् ॥

મુદ્રણસ્થાનઃ જ્ઞાનમન્દિર મુદ્રણાલય, રાયપુર : અમદાવાદ.
મુદ્રક : શંકરરાય અમૃતરાય [illegible].

પ્રસ્તાવના.

મારી જ્યેષ્ટ પુત્રી સ્વ. અ. સૌ. મુક્તા બ્હેનને પૂજા પાઠ કરવાનો અડગ નિયમ હતો. આ પુસ્તકમાં સ્તોત્રો પાઠો ઇત્યાદિ જે છપાવ્યાં છે તે તેના નિત્ય ઉપયોગમાં લેતી હતી; અને તેમાનાં ઘણાં ખરાં તેને કંઠસ્થ હતાં. આ પુસ્તકમાં પંચરત્નસ્તોત્ર જે રા. રા. કેશવલાલ ઉમીયાશંકર ત્રિવેદીએ પ્રથમ છપાવી પ્રસિદ્ધ કર્યું હતું તે વખતે તેઓએ મને બે ત્રણ નકલો મોકલી આપી હતી, જેમાંની એક સ્વર્ગસ્થ પોતાની પાસે રાખી કંઠસ્થ કરી શકી હતી. તે સ્તોત્ર તરફ તેની અપરિમેય પ્રીતિ હતી. તેથી તે સ્તોત્ર તથા "ગોપીકા ગીત" "રામસ્તુતિ" ઇત્યાદિ સહિત સ્ત્રીઓમાં ધાર્મિક લાગણીને ઉત્તેજીત કરી આનંદ સાથે ધર્મની શ્રદ્ધા ઉત્પન્ન થાય તેવા હેતુથી, અને તેનો પૂર્ણ ફેલાવો થાય તેવી ઇચ્છાથી છપાવેલી નકલ વિનામુલ્યે સર્વ કોઇ પાત્ર જનોને આપવામાં આવશે. હું આશા રાખું છું કે સ્ત્રી વર્ગ તરફથી તેનો યોગ્ય અંગીકાર અને સદુપયોગ થશે.

ધાર્મિકજનો સ્નાન કરી પૂજા વિધિ વખતે આ પુસ્તકનો ઉપયોગ કરી શકે માટે તેને શણથી બંધાવ્યું છે.

પુસ્તક જલદી છાપવામાં જ્ઞાનમંદિર પ્રેસના મેનેજર રા. રા. શંકરરાય અમૃતરાયે ઉત્સાહપૂર્વક મદદ આપી છે તેથી તેમનો પણ આ સ્થળે હું આભાર માનું છું. એજ.

લી.

અમદાવાદ. }
૧૫-૯-૨૫. } ગિરધરલાલ હરિલાલ પંડ્યા.

સ્વર્ગસ્થ અ. સૌ. મુક્તાબ્હેનનું ટુંક જીવન.

સ્વર્ગસ્થનો જન્મ સંવત ૧૯૫૧ ના વૈશાખ વદિ ૪ ને રવિવારે એટલે ઈ. સ. ૧૮૯૫ ના મે માસની તારીખ ૧૨ મીએ થયો હતો. નાનપણમા નિશાળે જતાં ત્યારથીજ તેમનામાં ધર્મ વિષયોમાં શ્રદ્ધા ને ભાવ સહજ જણાતા હતા. નડીઆદમાં નાનપણથીજ રામરક્ષા વિગેરે પાઠ કંઠસ્થ કરી શક્યાં હતાં તેમજ દરેક શ્લોક શુદ્ધ ઉચ્ચાર અને રાગ ઢાળથી બોલતાં. આ ધર્મ ઉપરની સહજ પ્રીતિ ઉમર સાથે વધતી ગઈ હતી, અને સારા સંસ્કારોને લીધે સારા સંયોગો મળવાથી નાશક, ત્ર્યંબક, ઑંકારેશ્વર, ઉજ્જયિની વિગેરે યાત્રાના સ્થળોએ જઈ આ ધર્મશ્રદ્ધા બલવત્તર કરી શક્યાં હતાં. લગભગ ૧૩ વર્ષની વયે તેમને રા. રા. વિનાયકરાવ શીવપ્રસાદ સાથે લગ્નની પવિત્ર ગાંઠથી જોડવામાં આવ્યાં હતાં.

થોડી મુદત પછી વિનુભાઇ બી. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. ત્યારબાદ તેમને વિલાયત જવાની ઇચ્છા થઇ. આ વાત સાભળવામા આવ્યાથી તેમની યુવાવસ્થામાં કેટલેક અંશે અસર થઇ હતી. પણ વિનાયકરાવને તેમના કાકાએ સમજાવ્યાથી વિલાયત જવાની વાત બંધ રહી છે એ વાત સાંભળી સ્વર્ગસ્થને ઘણો જ આનંદ થયો હતો. સામાન્ય માન્યતા એવી છે કે વિદ્યા પ્રાપ્ત કરવાના સમયમાં સ્ત્રી કેટલેક અંશે વિઘ્નરૂપ થઈ પડે છે. પણ આ માન્યતાને પોતે કેટલેક દરજ્જે ખોટી ઠરાવી શક્યાં હતાં. મુંબઈમાં અભ્યાસ કરવા માટે રા. વિનુભાઇ ગયા ત્યારે તે સાથે હતાં. સર્વ પ્રકારની વ્યવહાર કુશલતાને લીધે, ગરીબાઇમાં ગૃહવ્યવસ્થા કેવા પ્રકારથી ચલાવવી તે ઉપર પૂર્ણ લક્ષ આપી, સર્વ અનુકૂળતા મેળવી, આવકના પ્રમાણમાં ગૃહવ્યવહાર ચલાવી, વિદ્યાભ્યાસમાં કોઈ પણ પ્રકારની

ન્યુનતા ન આવે તેવી કાળજી રાખી ગૃહવ્યવસ્થામાં કુશળતા બતાવી શક્યાં હતાં. સ્વામિભક્તિમાં સાવધ રહી તેમની ઇચ્છાનુસાર વર્તી પોતાના પિતૃપક્ષ અને શ્વશુરપક્ષ પ્રત્યે સમાન ભાવ રાખી, અણગમાને આધીન થયા વગર તેમણે પોતાનું સમસ્ત જીવન વ્યતીત કર્યું હતું. હિંદુ સમાજમાં સ્ત્રીનું જીવન સામાન્ય રીતે શ્વશુરપક્ષમાં સુખમય નથી હોતું તે તથ્યની પ્રતીતિ તેમના જીવનપરથી પણ થતી હતી. સ્ત્રીએ દિવસના ઘણાખરા ભાગમાં ફક્ત સાસરે રહી સર્વ પ્રકારની સેવા કરવી જોઇએ તે માન્યતા પ્રમાણે સાસરાના સર્વ કાર્યોથી પરવાર્યા બાદ જો થોડો ફુરસદનો વખત મળી શકે તો જ પિતૃપક્ષના સંબંધીઓને તેઓ મળી શકતાં. આ પ્રમાણે સ્વસ્થ શરીર ટક્યું ત્યાંસુધી કામ કરી પોતાના શ્વશુરપક્ષમાં કોઇ પણ વ્યક્તિને બીલકુલ ક્રોધ ઉત્પન્ન થવાનું કારણ આવવા દીધા સિવાય પોતાનો સંસાર વ્યવહાર ચલાવી પતિભક્તિમાં તેઓ એટલે અંશે સફળતા મેળવી શક્યાં હતાં કે પ્રતિકુલ ઉપકરણોથી ઘેરાયલાં હોવા છતાં પતિનો પૂર્ણ પ્રેમ મેળવી શક્યાં હતાં. તેમના સુખ દુઃખમાં સંપૂર્ણ ભાગ લેવા તેઓ સદા તત્પર રહેતાં અને પતિનું શ્રેય થાય તેવા સર્વ ઉપાયો યોજવામાં સાવધાન મનથી, સંપૂર્ણ ડહાપણથી, પ્રસંગોપાત સમયાનુસાર વર્તવામાં તત્પર રહી આપત્તિમાં સંપૂર્ણ ધૈર્ય આપી યથાકાલ મદદ આપવામાં ઘણુંજ કૌશલ્ય વાપરતાં. હાલમાં અમદાવાદમાં ચાલતી ટ્યુટોરિઅલ હાઇસ્કુલની સ્થાપનારંભે નાણાંની ભીડ મટાડવામાં પોતાના પિતાને સમજાવી પતિને પૂર્ણ મદદ આપી શક્યાં હતાં. સમયને અનુસરી સહજ પિતૃપ્રિતિનો લાભ લેવામાં તત્પર રહેતાં, તો પણ પતિને અપાયલી મદદ બદલ તેઓ પિતાને કહેતાં કે, " જ્યાંસુધી મદદનો બદલો અપાયો નથી ત્યાંસુધી હું મારા શરીરને આભૂષણથી શણગારવા કદી ઇચ્છા કરીશજ નહીં. " આ વ્રત તેમણે અંત સુધી પાળ્યું હતું; અને ટ્યુટોરિયલ હાઇસ્કુલની આબાદી તેમજ સંપત્તિ તે પોતાનાંજ માની તે તરફ પૂર્ણ લક્ષ

આપતાં. આ રીતે પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ રીતે બજાવવામાં પોતાની શારીરિક સંપત્તિ ઉપર જે જે આઘાતો પડતા હતા તેના તરફ પૂરતું લક્ષ આપ્યા વિના તે તરફ બેદરકાર રહી પતિ ભક્તિમાં હમેશાં તત્પર રહી, તેમનાં માતા, પિતા, બ્હેનો, ભાઇઓ, ઇત્યાદિ પિતૃપક્ષના સર્વ હિતસ્વીઓ અને સંબંધીઓને અતિશય દુઃખમાં નાંખી આ ક્ષણભંગુર દુનિયાનો ત્યાગ કરી સંસારનાં સર્વ બંધનો ને ત્યજી, પ્રભુના અક્ષયધામ તરફ તેમણે ઇ. સ. ૧૯૨૦ના મે માસ ની ૨૨મી તારીખે એટલે સંવત ૧૯૭૬ના જ્યેષ્ટ સુદિ પાંચમ ને શનિવારને દિને પ્રયાણ કર્યું. **પરમાત્મા તેઓના અમર આત્માને શાંતિ અર્પો. અસ્તુ.**

અમદાવાદ
તા. ૧૯-૫-૨૫

લી૦
દિનકર ગિરધરલાલ પંડ્યા



સ્વર્ગસ્થ અ. સૌ. મુક્તા બ્હેન.

જન્મ. સં ૧૯૫૧ વૈશાખ વદિ ૪.   મૃત્યુ: સં. ૧૯૭૬ જેઠ સુદિ ૫.

જ્ઞાનમન્દિર પ્રેસ-અમદાવાદ.

॥ श्री जगदम्बा प्रसन्नाऽस्तु ॥

॥ शांत्यर्थे. ॥

शार्दूलविक्रीडितम् ।

મુક્તાહાર સમાન બાલ તનયા મુક્તા વિમુક્તા થઇ,
કલ્યાણી નિજધર્મ વૈભવબળે બાલ્યે સ્વરૂપે ભળી;
આપોઆપ પ્રબોધ તત્વમસિનો બ્રહ્માંડ ભેદી ઉગ્યો,
જીવાત્મા નિજરૂપ આત્મ પદમાં સત્કર્મ સંગે ચઢયો. ૧.

માનું એ ક્ષણ ધન્ય બાલમનમાં શાંતિ ઉંડી વ્યાપતી,
વારંવાર સદાય સ્નેહ સ્રવતી, અમૃત વર્ષાવતી;
કૈં કૈં સુંદર ભાવપૂર્ણ કરવા, વાત્સલ્ય વિસ્તારતી,
કીર્તિ રૂપ અનેક ધર્મ કૃતિમા, સૌંદર્ય દર્શાવતી. ૨.

શ્રી દેવી જગદંબિકાચરણમાં, મુક્તા હવે તે વસી,
માતા નિશ્ચલ શાંતિ સૌખ્ય કરતી, નિર્ભેદ સાયુજ્યથી;
વાત્સલ્યે પ્રણયે યથાઘટિત આ પ્રેમાંજલી પ્રેમથી,
અંગીકાર કરી કૃતાર્થ કરજે, બાલે વિમુક્તે ધરી. ૩.

અમદાવાદ સંવત ૧૯૮૧ }
આસો સુદ ૧ ને વાર શની }

લી.
ગિરધરલાલ હરિલાલ પંડ્યા.

अनुक्रमणिका.

अथ पाठ्यपूजाऽरभ्यते ।

पञ्चरत्नस्तोत्रम् ।

१ गणपतिस्तोत्रम् ।

सिंदूरचर्चितसुशोभितविग्रहाय भालेक्षणाय भजतां भयभंजनाय ॥
कान्ताद्वयेन सततं परिसेविताय तस्मै नमः सपदि शैलसुतासुताय ॥१॥

સિંદૂર લેપનવડે તન ભવ્ય ભાસે, ચક્ષુ કપાળ ભજતાં ભય સર્વ નાસે;
સેવાય બે સરસ સુંદરીથી ગ્હોરે, તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે. ૧

दन्तावलेन्द्रवदनाय विनायकाय द्वैमातुराय कपिलाय गणेश्वराय ॥
विघ्नेश्वराय विपदर्णवतारणाय तस्मै नमः सपदि शैलसुतासुताय ॥२॥

હસ્તી તણું વદન, વિનયને બતાવે, બેમાત પુત્ર, પીત વર્ણ, ગણેશ કાંવે;
તારે હરી વિઘ્ન સાગર દુઃખનોરે, તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે. ૨

लंबोदराय सुमुखाय सतांप्रियाय आखुध्वजाय विकटाय वरप्रदाय॥
भालाब्धिजाय भजतां भवरोगहन्त्रे तस्मै नमः सपदि शैलसुतासुताय।३।

પંડિત પ્રિય, સુખ સુંદર, દુંદ વાળો, ઉંદીરસ્વાર, વિકટો, વર આપનારો;
રાત્રીશ ભાલ, ભવરોગ કરે પરોરે, તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે. ૩

शंभोः सुताय सुखदाय सुरप्रियाय एकद्विजाय शशिसुंदरविग्रहाय ॥
शुक्लांबराय वृजिनौघविनाशकाय तस्मै नमः सपदि शैलसुतासुताय ।४।

શંભુકુમાર, સુખદે, સુરને વહાલો, છે એક દંત, શશિ તુલ્ય શરીર વાળો;
વસ્રો સફેદ, અઘ ઓઘ કરે પરોરે, તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે. ૪

सिद्धिप्रियाय सकलप्रथमार्चिताय बुद्धिप्रियाय बहुशो बलदायकाय॥
योगेश्वराय यमराजभयापहाय तस्मैनमः सपदि शैलसुतासुताय॥५॥

સિદ્ધિપતિ, પ્રથમ પૂજન પામનારો, બુદ્ધિપતિ ,બલ અતિશય આપનારો;
યોગિપતિ, ભય હરે યમરાજનોરે, તે પર્વતેશ્વર સુતાસુતને સ્મરોરે. ૫

२ शिवस्तोत्रम् ।

स्वर्गस्खलत्सुरसरित्शिरसावहन्तं कंठे जगद्भयप्रदद्रुतकालकूटम् ॥
कामान्तकं करिवरांतकमेधवान्तं तं त्र्यम्बकं स्मरहरं हरमाश्रिताः स्मः ।१।

જેણે જટાથી જળ જાહ્નવી કેરૂં ઝીલ્યું, ઝેરે કરી થઇ રહ્યું ગળું જેનું નીલું;
કામારિ, અંધકઅરિ, કરિના અરિરે, તે શિવનું શરણ સર્વ રહો કરીરે. ૧

वृंदारकाधिपतिवंदितपादपद्मं वंदारुकल्पकुटमञ्जकजाञ्जलाटम् ॥
भस्मांगलेपनमिभेश्वरचर्मवस्त्रं तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताः स्मः ।२।

નિત્યે નમે સુરપતિ પદપદ્મ જેને, છે કલ્પવૃક્ષરૂપ જે ભજનાર તેને;
જેણે સ્મશાન તણી ભસ્મ ધરી શરીરે, તે શિવનું શરણ સર્વ રહો કરીરે. ૨

पंचाननं प्रमथभूतसमूहसंगं कर्पूरचूर्णचयगौरगभीरगात्रम् ॥
तेजोमयं त्रिनयनं दयितार्धदेहं तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताः स्मः ।३।

જે પંચમુખ, ભૂત પ્રેત સદાય સંગે, ગોરા અતિ કપૂરચૂર્ણતુલ્ય અંગે;
અર્ધ સ્ત્રી અર્ધ પુરૂષાકૃતિ છે શરીરે, તે શિવનું શરણ સર્વ રહો કરીરે. ૩

सिंचंतमापदनले करुणाकबंधं व्याघ्राजिनांबरधरं स्मरजन्मतातम् ॥
काकोदराधिपकलेवरकंठबन्धं तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताःस्मः ।४।

છાંટે કૃપા સલિલ સંકટ અગ્નિમાંજે, શાર્દૂલચર્મ તન, સ્કંદ તણો પિતાજે;
કંઠે રહ્યા સરપ રોજ વિંટી વળીરે, તે શિવનું શરણ સર્વ રહો કરીરે. ૪

भिक्षाभुजं भवरुजं भजतां हरंतं मृत्युंजयं जपवतां जयमावहन्तम् ।
भूताधिपं भयहरं स्मरतां शरण्यं तं त्र्यंबकं स्मरहरं हरमाश्रिताःस्मः ।५।

ભિક્ષાન્નભોગી, ભવરોગ ભજે હણે જે, મૃત્યુ તણા અરિ, જપે જય પૂર્ણ દેજે;
ભીતિ હરે ભૂતપતિ સ્મરનારનીરે, તે શિવનું શરણ સર્વ રહો કરીરે. ૫

३ विष्णुस्तोत्रम् ।

स्रोतस्वतीपतिसुतादयितासुरारे मेघौघमूर्तिधर मारगुरो मुरारे ॥
दामोदरापदवसान दयार्द्रदृष्टे अस्मानवेश्वरनतान्पतितान्भवेस्मिन्॥१॥

હે ઇશ, સાગરસુતાપતિ, દાનવારિ, પ્રદ્યુમ્નતાત, ઘનશ્યામ, હરે મુરારિ;
દામોદર ત્રિવિધ તાપ તમામ ટાળી, સંસારસાગર થકી પ્રભુ લે તું તારી. ૧

कौमोदकीकमलकंजरथांगहस्त गोपालबाल हृतभक्तविपत्समस्त ॥
सीतापते रघुपते दशकंधरारे अस्मानवेश्वर नतान्पतितान्भवेस्मिन्।२।

હસ્તે ગદા, કમળ, ચક્ર, શંખ ધારી; ગોપાળબાળ, સહુ ભક્તભીતિ વિદારી;
સીતાપતિ, રઘુપતિ, દશમસ્તકારિ, સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી. ૨

गोवर्धनोद्धरणनाशितशक्रदर्प कंदर्पतातकृतसर्पभुगंसपीठ ॥
भोगिन्द्रभोगशयनाब्जदिवाकराक्ष अस्मानवेश्वरनतान्पतितान्भवेस्मिन्

તોળી ગિરિ ગરવ ઇંદ્ર તણો તજાવ્યો બેશી ગરૂડપર દેહ રૂડો દિપાવ્યો;
ભાનુ શશિ નયન શેષની સેજ સારી, સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી. ૩

बालातपांशुक कुशेशयनाभ विष्णो अंभोरुहाक्ष धृतमंदरशैलपृष्ठ ॥
नानावतारहृतभूमिभरात्तबंधो अस्मानवेश्वरनतान्पतितान्भवेस्मिन्।४।

નાભિ વિષે કમળ કાચનવર્ણ વસ્ત્ર, ધાર્યો સમુદ્ર મથને ગિરિરાજ પૃષ્ટ;
ભૂભાર ધારી અવતાર દીધો ઉતારી, સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી. ૪

योगींद्र योगभव योगिसमूहसेव्य देवाधिदेव भवसागरनाविकेश ॥
तापत्रयापदवसानदयानिधान अस्मानवेश्वरनतान्पतितान्भवेस्मिन्।५।

સેવાય યોગિપતિ યોગિ વડે હમેશ, દેવાધિદેવ ભવસાગર નાવિકેશ;
સંસાર શોક હરનાર દયાળ ભારી, સંસાર સાગર થકી પ્રભુ લે તું તારી. ૫

४ सूर्यस्तोत्रम्।

यद्वन्दनं सपदि हन्ति विपन्नराणां यद्दर्शनाद्विलयमाशु भयं प्रयाति ।
दातासुखस्य सकलस्य हृदेप्सितस्य तं भास्करं भवभयान्तकमानताःस्मः
જેની સ્તુતિ મનુષ્ય સંકટ સઘ ટાળે, જે દેઈ દર્શન સહુ ભયને વિદારે;
ઇચ્છેલ વસ્તુ સઘળી પૂરી પાડનારો, તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો. ૧
येन प्रकाशितमिदं किल भूर्भुवःस्वः येनोद्भवस्थितिलया जगतां भवन्ति।
नित्यं नमन्ति नियताःयममर्त्यमर्त्याः तं भास्करं भवभयान्तकमानताःस्मः
જેનાવડે કરી ત્રિલોક સદા પ્રકાશે, ઉત્પત્તિ, સ્થિતિ, લય, આ જગમધ્યભાસે;
જેને નમે અમરને નર શત દાડો, તે જન્મદુઃખહર સૂરજ ઉર ધારો. ૨
आखंडलाद्यदितिनंदनवृंदगीतम् यन्मंडलं विधिवृषध्वजविष्णुवंद्यम् ।
तापत्रयंविलयमेति यदाश्रितानाम् तं भास्करं भवभयान्तकमानताःस्मः
ઈંદ્રાદિ દેવગણ ગીત હમેશ ગાયે, જેને પડે નિત હરિ, હર, બ્રહ્મ, પાયે;
ભક્તોતણા ત્રિવિધ તાપ શમાવનારો, તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો. ૩
यो ब्रह्म भूतपतिकैटभघातकात्मा यो बिभ्रतीदमखिलं कृपया सदैवम्।
यस्मार्चनाद्यमभयं लयमेति सद्यः तं भास्करं भवभयान्तकमानताःस्मः
બ્રહ્મા મહેશ્વર હરિ રૂપ દેહ ધારી, રક્ષે કૃપા કરી સહુ જગ જેહ દાઢી;
આવે પૂજ્યાથી જલદી જમત્રાસ આરો, તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો. ૪
यस्यैकचक्ररथ ईश्वर आर्त्तबंधुः योऽनूरुयंतृहरिदश्वरथोऽसुरारिः ॥
दाताऽन्नपानबलविक्रमतेजसां यः तं भास्करं भवभयान्तकमानताःस्मः॥
છે એક ચક્રરથ નાથ અનાથ નાથ, દૈત્યારિ સારથિ અરૂણ સુ અશ્વ સાત;
જે અન્નપાન બળ પ્રાક્રમ આપનારો, તે જન્મદુઃખ હર સૂરજ ઉર ધારો. ૫

५ पार्वतीस्तोत्रम्।

सिंहस्थितांशशिमुखांशशिखंडभालां खड्गत्रिशूलशरचापभुशुंडिहस्ताम्।
शैलात्मजां सुमतिदां सुगतिप्रदात्रीं तां पार्वतीं पशुपते प्रणमाम पत्नीम् ॥
સિંહે સવારી શશિમુખ શશિ કપાળે, હસ્તે ત્રિશૂળ, શર, ખડ્ગ, ધનુષ્ય ધારે;
ગિરિસુતા શુભ ગતિ મતિ આપનારી, સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી. ૧

विश्वं यया ततमिदं सततं समस्तं मायामजस्य जननीं जगतोऽखिलस्य।
यामाश्रिताद्भयमाशु लयं भजेत तां पार्वतीं पशुपतेःप्रणमाम पत्नीम्॥
વ્યાપી સદા સકળ સૃષ્ટિ વિષે રહેલી, માયા હરિની જનની જગ સર્વ કેરી;
કષ્ટ સ્વસેવક તણાં સહુ ટાળનારી, સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી. ૨

यामर्त्यमर्त्यगणवंदितपादपद्मा या चेप्सितं च सकलं सफलं करोति।
दूरीकरोति दुरितानि निजाश्रितानां तां पार्वतींपशुपतेःप्रणमाम पत्नीम्॥
જેના સદા અમર ને નર ચર્ણ સેવે, શૂરી સદા સકળ વાંછિત વસ્તુ દેવે;
પાપ સ્વસેવક તણાં પરજાળનારી, સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી. ૩

तुष्टा करोति पशुपुत्रहिरण्यवृद्धिं रुष्टा ददात्यमितभीतिमहर्निशं या।
सर्वस्य सेवकजनस्य जयं जनित्रीं तां पार्वतीं पशुपतेःप्रणमाम पत्नीम्॥
થાતાં પ્રસન્ન ધન, પુત્ર, પશુ વધારે, રૂઠે કદાપિ ભય દે બહુ સર્વ કાળે;
સેવા કર્યાથી નિત જીત જમાવનારી, સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી. ૪

देवैर्महेन्द्रसहितैरभिवंद्यमाना या व्योमकेशविधिविष्णु सुवंदिता च।
यास्त्वाश्रयस्थितजनस्यनिहन्तिचिन्तां तांपार्वतींपशुपतेःप्रणमाम पत्नीम्॥
ઇંદ્રાદિ દેવ નમતા નિત્ય લાગી પાયે, બ્રહ્મા, હરિ, હર મળી નિત્ય ગીત ગાયે;
ચિન્તા હરી અશુભ સર્વ શમાવનારી, સેવો સદા પશુપતિ તણી પ્રાણપ્યારી. ૫

॥ श्री गोपिकागीतम् ॥

श्री गोपिजनवल्लभायनमः । अथ श्री गोपिकागीतं लिख्यते ।

गोप्य उचुः ।

जयति तेऽधिकं जन्मना व्रज श्रयत इन्दिरा शश्वयत्रहि ।
दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥१॥

પ્રગટતાં તમે કૃષ્ણ આ વ્રજે વસના ઇંદિરા નિત્ય આંહિ જે,
સકલ છે સુખી આ વ્રજે હરિ વિરહ દુઃખિતા ગોપસુંદરી;
પ્રગટ થાઓ હે વિશ્વભૂષણ સુખદ આપ દો શીઘ્ર દર્શન,
ગોતીએ છીએ ગોપસુંદરી પ્રાણ રાખીને તુંજમા હરિ. ૧

शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषा दृशा ।
सुरतनाथ तेऽशुल्कदासिका वरद निघ्नतो नेह किं वधः ॥२॥

કમલગર્ભની લક્ષમી હરી કરી કૃપા તમે દૃષ્ટિ તે હરી,
સુરતનાથ તું ભોગદાયકા આપની અમે અમુલ્ય દાસિકા;
વિરહી આવીને આશયુક્તને નાંખી કૂપમાં વરત વાહિને,
મારવાં હતાં મારીને હરિ તેઉને હવે શું મારવાં ફરી. ૨

विषजलाप्ययाद्व्यालराक्षसाद्वर्ष मारुताद्वैद्युतानलात् ।
वृषमयात्मजाद्विश्वतो भयादृषभ ते वयं रक्षिता मुहुः ॥३॥

વિગત ગર્વતે કાલીઓ કરી ભયવિમુક્તતા દુઃખને હરી,
વળી તમે અગાસુર મારીને જાલવ્યાં હરિ ગિરિધારીને;
અગ્નિને પીતાં ભીતિને હરી વિરહ અગ્નિમાં દગ્ધ તે કરી,
ભય સમુદ્રથી તારી હે પ્રિયા વિરહ સાગરે નાંખીને ગયા. ૩

न खलु गोपिकानंदनो भवानखिलदेहिनामन्तरात्मदृक् ।
विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान्सात्वतां कुले ॥४॥

નથી તું ગોપિકા પુત્ર નિશ્ચયે સકલ અન્તરે સાક્ષી તું સ્વયે,
યદુકુલે વિધિ પ્રાર્થના થકી જન્મીને હણ્યાં વિવિધ માતકી. ૪

विरचिताभयं वृष्णिधुर्य ते चरणमीयुषां संसृतेर्भयात् ।
करसरोरुहं कान्त कामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥५॥

ભવભયો થકી શર્ણ જે અમે ચરણ પિયુષે અભય દો તમે;
ઇંદિરા કર જે કરે ગ્રહ્યો તે કરે કરો સુખ નિર્ભયો. ૫

व्रजजनार्तिहन्वीरयोषितां निजजनस्मयध्वंसनस्मित ।
भज सखे भवत्किंकरीः स्म नो जलरुहाननं चारु दर्शय ॥६॥

વ્રજજનો હિના દુઃખ નાશક નિજજનો તણા વર્ગ હારક,
હે સખે અમે દાસી આપની મુખાબ્જ દર્શને શાંતિ તાપના ૬

प्रणतदेहिनां पापकर्षणं तृणचरानुगं श्रीनिकेतनम् ।
फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्धि हृच्छयम् ॥७॥

શરણ આવ્યાં જે પાપ તેહનાં દુર જે કરે ચરણ આપના,
ગાયો ચારવા જે પદે ગયા તે મૂકો હૈયે કરી તમે દયા. ૭

मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षणः ।
विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाऽप्याययस्व नः ॥८॥

મધુર વાણીને બોલો મુખથી પ્રિય હિસનને જેહિ વાણિથી,
તેથી મુર્છિતા દાસીઓ અમે સ્વાધરામૃતે તૃપ્તિ દો તમે ૮

तव कथामृतं तप्तजीवनं कविभिरीडितं कल्मषापहम् ।
श्रवणमङ्गलं श्रीमदाततं भुवि गृणन्ति ते भूरिदा जनाः ॥९॥

તવકથામૃતં તાપશાંતક સ્તુતિ કરે કવિ પાપનાશક,
શ્રવણ મંગલ શોભતું હિજે સ્તવન તે કરે પુણ્યવંત જે ૯

प्रसहितं प्रिय प्रेमवीक्षणं विहरणं च ते ध्यानमङ्गलम् ।
रहसि संविदो या हृदिस्पृशः कुहक नो मनः क्षोभयन्ति हि ॥१०॥

હસવું હે પ્રિય જોવું પ્રેમલ તવ વિહાર જે ધ્યાન મંગલ,
રુદ્ર ક્રીડા વિષે વાક્ય આપનાં તે પીડે હવે મન હિ વેદના. ૧૦

चलसि यद्व्रजाच्चारयन्पशून्नलिनसुंदरं नाथ ते पदम् ।
शिलतृणांकुरैः सीदतीति नः कलिलतां मनः कान्त गच्छति ॥११॥

આ વજે તમે ધેનું ચારતાં ચરણ સુન્દર તેથી ચાલતાં,
તૃણ હિ કાકરે પીડિત થયાં તે થકી અમે દુઃખિત થયાં. ૧૧

दिनपरिक्षये नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम् ।
धनरजस्वलं दर्शयन्मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ॥१२॥

દિવસ અસ્ત તે પામતા તમે શ્યામકુંતલ ગોરજે તમે,
શોભિત મુખે આપી દર્શન તેથી થાય છે કામદીપન. ૧૨

प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।
चरणपंकजं शंतमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥१३॥

ભક્તના હિ જે કામ પૂરક વિધિ પૂજ્યા હિ તે ભૂમિશોભક,
વિપત્તિકાલમાં ધ્યાન યોગ્ય જે કુજયોગ્ય જે કુચ યુગેધરે ૧૩

सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुंबितम् ।
इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेऽधरामृतम् ॥१४॥

કામ વર્ધક શોકના શક વેણુને હિ જો ભોગદાયક,
અન્ય પ્રીતિ તે જે હિ છેદત અધરતું હિ તે ધો હિ અમૃત. ૧૪

अटति यद्भवानह्निकाननं त्रुटिर्युगायते त्वामपश्यताम् ।
कुटिलकुंतलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्ष्मकृद्दशाम् ॥१५॥

વનવિષે તમે જાઓ જાહરે ત્રુટિત કાલને યુગહિતા હરે,
વક્રકેશ જે વદન દેખતાં પાંપણો વિધિ ધિક હિ નિર્મિતા. ૧૫

पतिसुतान्वयभ्रातृबांधवानतिविलङ्घ्य तेऽन्त्यच्युतागताः ।
गतिविदस्तवोद्गीतमोहिताः कितव योषितः कस्त्यजेन्निशि ॥१६॥

પતિસુતા દિને ભ્રાતબંધુને તમ વિષે આવ્યાં સર્વ તાગીને,
ગાયને કરી લુબ્ધ આ મુને કોણ તમ વિના જાય મૂકીને. ૧૬

रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम् ।
बृहदुरःश्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहा मुह्यते मनः ॥१७॥

ગુહ્ય વાક્યથી કામ ઉદ્‌ભવ હાસ્ય યુક્ત જે મુખ હિ કેશવ,
પ્રેમ દૃષ્ટિ જે ઉર હિ સુંદર જોઇને મન અતિ હિ આતુર. ૧૭

व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम् ।
त्यज मनाक् च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥१८॥

ભુવન મંગલ મૂર્તિ તું તણી વ્રજજનો તણાં દુઃખહારિણી,
તાપ શાંતિ છે જેથી ભક્તની મુર્તિ તે કરો પ્રગટ આપની. ૧૮

यत्ते सुजातचरणाम्बुरुहं स्तनेषु
भीता शनैः प्रिय दधीमहि कर्कशेषु ।
तेनाटवीमटसि तद्व्यथते न किंस्वित्
कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥

ચરણ મૂકતાં કઠીણ જે સ્તને ભીતિ પામીએ કૃષ્ણ જે મને,
વન વિષે ફરો તે પદે કરી, ખુંચશે પદે તૃણ હિ કાંકરી ૧૯

श्री शुक उवाच ।

इति गोप्यः प्रगायन्त्यः प्रलपन्त्यश्च चित्रधा ।
रुरुदुः सुस्वरं राजन्कृष्णदर्शनलालसाः ॥२०॥

સકલ એ રીતે ગોપસુંદરી કરી વિલાપને ગાય સુસ્વરે,
રૂદિત વ્યાકુલા અશ્રુલોચને મન હિ લાલસા કૃષ્ણદર્શને. ૨૦

तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।
पीतांबरः स्रग्वी साक्षान्मन्मथमन्मथः ॥२१॥

રૂદિત ગોપિકા તે સમે હરિ રૂપ આપનું પ્રગટિત કરી,
મદનમોહન શ્રી પતિ સ્વયં પૂજત તેઉને વાક્ય વિસ્મય. ૨૧

तं विलोक्यागतं प्रेष्ठं प्रीत्युत्फुल्लदृशोऽबलाः ।
उत्तस्थु युंगपत् सर्वास्तन्वः प्राणमिवागतम् ॥२२॥

વસત પિતને શ્યામ કંધરી નયન દેખીને ગોપસુંદરી,
પ્રાણ આવતાં ઉભીઓ થઈ સકલ ઇંદ્રિયો શક્તિને પામી.
" વિરહસાગર પ્રાપ્ત ગોપીને ભવાબ્ધિ તે રીતે રામચંદ્રને,
તારી ગોપીઓ કૃષ્ણ જે રીતે ભવ સમુદ્રથી તારો તે રીતે." ૨૨

॥ इति श्रीगोपीकागीतं समाप्तम् ॥

धूर्जटिमानसपूजा ।

रत्नैः कल्पितमासनं हिमजलैः स्नानं च दिव्याम्बरम्
नानारत्नविभूषितं मृगमदामोदाङ्कितं चन्दनम् ।
जातीचम्पकबिल्वपत्ररचितं पुष्पं च धूपं तथा
दीपं देव दयानिधे पशुपते हृत्कल्पितं गृह्यताम् ॥१॥
सौवर्णे मणिखंडरत्नरचिते पात्रे घृतं पायसम्
भक्ष्यं पंचविधं पयोदधियुतं रम्भाफलं पायसम् ।
शाकानामयुतं जलं रुचिकरं कर्पूरखण्डोज्ज्वलम्
ताम्बूलं मनसा मया विरचितं भक्त्या प्रभो स्वीकुरु ॥२॥
छत्रं चामरयोर्युगं व्यजनकं चादर्शकं निर्मलम्
वीणा भेरिमृदङ्गकाहलकलागीतं च नृत्यं तथा ।
साष्टाङ्गंप्रणतिः स्तुतिर्बहुविधा ह्येतत्समस्तं मया
संकल्पेन समर्पितं तव विभो पूजां गृहाण प्रभो ॥३॥
आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहम्
पूजा ते विषयोपभोगरचना निद्रा समाधिस्थितिः ।

संचारः पदयो प्रदक्षिणविधिः स्तोत्राणि सर्वा गिरो
यद्यत्कर्म करोमि तत्तदखिलं शंभो तवाराधनम् ॥४॥
करचरणकृतं वाक्कायजं कर्मजं वा
श्रवणनयनजं वा मानसं वाऽपराधम् ।
विहितमविहितं वा सर्वमेतत्क्षमस्व
जय जय करुणाब्धे श्रीमहादेव शंभो ॥५॥
। इति धूर्जटिमानसपूजा ।

रामस्तुतिः ।

सीतापते दशरथात्मज देव देव राजीवलोचन विभो जगदेकनाथ ।
सत्यस्वरूप रघुनन्दन दिव्यमूर्ते मा देहि राम जननीजठरे निवासम् ।१।
इंदिवरासित रुचे रघुवंश दीप ब्रह्मांडकोटि रचिताखिलरोमकूप ।
भक्तावनाय धृतमानुष दिव्यदेह मा देहि राम जननीजठरे निवासम् ।२।
श्रीलक्ष्मणाग्रज सुरासुरवंदिताङ्घ्रे भक्ताभिलाषपरिपूरण सावधान ।
श्रीगाधिनंदन मखावन ताडकारे मा देहि राम जननीजठरेनिवासम् ।३।
आनंददान दलिताखिललोककष्ट ताताज्ञयाश्रितवन प्रमदानुजाभ्याम् ।
पौलस्त्य देहदलन मथितानुभाव मा देहि राम जननीजठरे निवासम् ।४
शाखिमृगेश परिपालक वीररत्न सुग्रीवराज्यद विभीषणदत्तराज्य ।
स्थाणुस्थिरेतरसमस्त शरीरजीव मा देहि राम जननीजठरेनिवासम् ।५।
कोदंडभंग दलिताखिल भूपसार कोदंडभंग परिमर्दित जामदग्न्यः ।
पाथोधिबद्ध गिरिवृंद मनोज्ञसेतो मा देहि राम जननीजठरेनिवासम् ।६।

मेष्टस्वनाम तरणिस्थिततारकेश ब्रह्मादिदेवपरिगीतयशोवितान ।
भक्ताभयाभरमहीरुह हे दयालो मा देहि राम जननीजठरे निवासम् ॥७॥
संसारदावशमनांबुद दीननाथ विश्वेश विश्वनिचये प्रथितप्रभाव ।
श्रीगौनमप्रियतमा निजरूपदात मा देहि राम जननीजठरे निवासम् ॥८॥
हे जानकीहृदयजीवन सुंदरांग वीराधिवीर रघुवीर रणाधिवीर ।
उत्फुल्लपंकजनिकोशसमानवक्त्र मा देहि राम जननीजठरे निवासम् ॥९॥
लंकाविदाहक सुरारिभयापहारि भक्तादियक्षसुरवृंदविमोक्षकारि ।
शांतस्वभाव जनजीवनतोयदश्री मा देहि राम जननीजठरे निवासम् ॥
रामस्य पञ्चदशकं रचितं द्विजेन संसारकष्टकदनं तु महेश्वरेण ।
प्रातःपठेदनुदिनं मनुजःसदा यः संसारसौख्यमतुलं लभतेच मुक्तिम् ॥

॥ इति रामस्तुतिः समाप्ता ॥

॥ अथ बिल्वस्तोत्रम् ॥

॥ त्रिदलं त्रिगुणाकारं त्रिनेत्रं च त्रियायुधं । त्रिजन्म पाप संहारं एकबिल्वं शिवार्पणम् ॥१॥ त्रिशाखैर्बिल्वपत्रैश्च अच्छिद्रैः कोमलैःशुभैः । तवपूजांकरिष्यामि एकबिल्वं शिवार्पणम् ॥ २ ॥ शालिग्रामसहस्राणां तटाकदसकूट्योः । यज्ञकोटिसहस्राणां एकबिल्वं शिवार्पणम् ॥ ३ ॥ दंतिकोटि सहस्रषु अश्वमेधशतक्रतोः। कोटिकन्यामदानस्य एकबिल्वं शिवार्पणम् ॥ ४ ॥ अमृतोद्भव श्रीवृक्ष महादेवप्रियप्रभो । प्रसीद देवदेवेश एकबिल्वं शिवार्पणम् ॥ ५ ॥ दर्शनं बिल्वपत्रस्य स्पर्शनं पापनाशनं अघोरपापसंहारं एकबिल्वं शिवार्पणम् ॥ ६ ॥ अज्ञानेन कृतं पापं परमेश्वरसु-

लभं । पूजाकृतमहादेव एकबिल्वं शिवार्पणम् ॥ ७ ॥ अखंड बिल्वपत्रैश्च पूजयेन्नंदिशंकरं । प्रसीद देवदेवेश एकबिल्वं शिवार्पणम् ॥ ८ ॥ अखंडमक्षतैश्चैव पूजनं शिवशंकरं । तत्र पूजां करिष्यामि एकबिल्वं शिवार्पणम् ॥ ९ ॥ तुलसी बिल्व निर्गुंडी-जंबीरा मलकंतथा । पंचबिल्वमिदंख्याति एकबिल्वं शिवार्पणम् ॥ १० ॥ तुलसीबिल्वपत्रैश्च जातिपुष्पैः प्रपूजयेत् । पूजयिष्याम्यहंभक्त्याएकबिल्वं शिवार्पणम् ॥ ११ ॥ ज्ञानेन तु कृतापूजां तत्फलं सफलंकुरु । शिवपूजाकृता येन एकबिल्वं शिवार्पणम् ॥ १२ ॥ कोटयो ब्रह्महत्यानां अगम्यागमकोटयः । सद्यः प्रलयमायाति एकबिल्वं शिवार्पणम् ॥ १३ ॥ सहस्रवेदपाराणां सहस्रदानमेव च । सर्वयात्राकृतं पुण्यं एकबिल्वं शिवार्पणम् ॥ १४ ॥ काशिक्षेत्रनिवासं च कालभैरवदर्शनं । प्रयागं माधवं दृष्ट्वा एकबिल्वं शिवार्पणम् ॥ १५ ॥ उमायां सहदेवेश वाहनं नंदिमेव च । भस्मलेपनसर्वांगं एकबिल्वं शिवार्पणम् ॥ १६ ॥ अहल्या द्रौपदी सीता तारा मंदोदरी तथा । पंचकन्यास्मरेन्नित्यं एकबिल्वं शिवार्पणम् ॥ १७ ॥ सूर्य्यैकं च सहस्राणां अश्वमेध शतानि च । गवांशतसहस्रेषु एकबिल्वं शिवार्पणम् ॥ १८ ॥ वाजीसहस्रदत्तानां गजलक्षं तु यानि च । कोटिलिंगप्रतिष्ठाप्य एकबिल्वं शिवार्पणम् ॥ १९ ॥ रुद्राभिषेकमासं तु द्विमासं केशवार्चनं । त्रिमासं विप्रसेवानां एकबिल्वं शिवार्पणम् ॥ २० ॥ गौतमीस्नानयुक्तेन गंगामार्जनमेव च । सुवर्णविप्रदत्तानां एकबिल्वं

शिवार्पणम् ॥ २१ ॥ आरामं धनविक्षेपः विवाहकन्यकास्तथा । तडागं सप्तसंतन्नू एकबिल्वं शिवार्पणम् ॥ २२ ॥ दुष्टयंतं ब्रह्महत्या परनारी च संगमे । अनेकपापसंहारं एकबिल्वं शिवार्पणम् ॥ २३ ॥ कोटिकन्याप्रदानेन तिलपर्वतकोटयः । कांचनशैलदानेन एकबिल्वं शिवार्पणम् ॥ २४ ॥ कोटिजन्मकृतं पापं दर्शनेन विनश्यति । जन्मार्जितकृतं पापं एकबिल्वं शिवार्पणम् ॥ २५ ॥ अन्नपूर्णामुखं दृष्ट्वा बिल्वस्तोत्रमिदं पठेत् । दुर्गाणां नित्यसेवेयं एकबिल्वं शिवार्पणम् ॥ २६ ॥ अनेकबिल्वपत्रं च अयुतं शिवपूजनं । कृतेन रावसानेन एकबिल्वं शिवार्पणम् ॥ २७ ॥ बिल्वस्तोत्रमिदं श्लोके श्रुत्वा यं च पठेद्यदि । ज्वरादिरोगनाशं च एकबिल्वं शिवार्पणम् ॥ २८ ॥

शक्रादिस्तुतिः ।

। ऋषिरुवाच ।

शक्रादयः सुरगणा निहतेऽतिवीर्ये
तस्मिन्दुरात्मनि सुरारिबले च देव्या ।
तां तुष्टुवुः प्रणतिनम्रशिरोधरांसा
वाग्भिः प्रहर्षपुलकोद्गमचारुदेहा ॥ १ ॥
देव्या यया ततमिदं जगदात्मशक्त्या
निःशेषदेवगणशक्तिसमूहमूर्त्या ।
तामम्बिकामखिलदेवमहर्षिपूज्यां
भक्त्या नताः स्म विदधातु शुभानि सा नः ॥ २ ॥

यस्याः प्रभावमतुलं भगवाननन्तो
ब्रह्मा हरश्च न हि वक्तुमलं बलंच ।
सा चण्डिकाऽखिलजगत्परिपालनाय
नाशाय चाशुभभयस्य मतिं करोतु ॥ ३ ॥

या श्रीः स्वयं सुकृतिनां भवनेष्वलक्ष्मीः
पापात्मनां कृतधियां हृदयेषु बुद्धिः ।
श्रद्धा सतां कुलजनप्रभवस्य लज्जा
तां त्वां नताः स्म परिपालय देवी विश्वम् ॥ ४ ॥

किं वर्णयाम तव रूपमचिन्त्यमेतत्
किं चातिवीर्यमसुरक्षयकारिभूरि ।
किं चाहवेषु चरितानि तवातियानि
सर्वेषु देव्यसुरदेवगणादिकेषु ॥ ५ ॥

हेतुः समस्त जगतां त्रिगुणाऽपि दोषै-
र्न ज्ञायसे हरिहरादिभिरप्यपारा ।
सर्वाश्रया खिलमिदं जगदंशभूत-
मव्याकृता हि परमा प्रकृतिस्त्वमाद्या ॥ ६ ॥

यस्याः समस्तसुरता समुदीरणेन
तृप्तिं प्रयाति सकलेषु मखेषु देवी ।
स्वाहासि वै पितृगणस्य च तृप्तिहेतु-
रुच्चार्यसे त्वमत एव जनैः स्वधा च ॥ ७ ॥

या मुक्तिहेतुरविचिन्त्यमहाव्रता त्व-
मभ्यस्यसे सुनियतेन्द्रियतत्त्वसारैः।
मोक्षार्थिभिर्मुनिभिरस्तसमस्तदोषै-
र्विद्यासि सा भगवती परमा हि देवि ॥ ८ ॥

शब्दात्मिका सुविमलर्ग्यजुषां निधान
मुद्गीथरम्यपदपाठवतां च साम्नाम्।
देवि त्रयी भगवती भव भावनाय
वार्ता च सर्वजगतां परमार्तिहन्त्री ॥ ९ ॥

मेधासि देवि विदिताखिलशास्त्रसारा
दुर्गासि दुर्गभवसागरनौरसङ्गाः।
श्रीः कैटभारिहृदयैककृताधिवासा
गौरी त्वमेव शशिमौलिकृतप्रतिष्ठा ॥ १० ॥

ईषत् सहासममलं परिपूर्णचन्द्र
बिम्बानुकारि कनकोत्तमकान्ति कान्तम्।
अत्यद्भुतं प्रहृतमात्तरुषा तथाऽपि
वक्त्रं विलोक्य सहसा महिषासुरेण ॥ ११ ॥

दृष्ट्वा तु देवि कुपितं भ्रुकुटीकराल-
मुद्यच्छशांकसदृशच्छवि यन्न सद्यः।
प्राणान्मुमोच महिषस्तदतीव चित्रं
कैर्जीव्यते हि कुपितान्तकदर्शनेन ॥ १२ ॥

देवि प्रसीद परमा भवती भवाय
सद्यो विनाशयसि कोपवती कुलानि ।
विज्ञातमेतदधुनैव यदस्तमेत-
न्नीतं बलं सुविपुलं महिषासुरस्य ॥ १३ ॥

ते संमता जनपदेषु धनानि तेषां
तेषां यशांसि न च सीदति धर्मवर्गः ।
धन्यास्त एव निभृतात्मजभृत्यदारा
येषां सदाभ्युदयदा भवती प्रसन्ना ॥ १४ ॥

धर्म्याणि देवि सकलानि सदैव कर्मा-
ण्यत्यादृतः प्रतिदिनं सुकृती करोति ।
स्वर्गं प्रयाति च ततो भवतीप्रसादा-
ल्लोकत्रयेऽपि फलदा ननु देवि तेन ॥ १५ ॥

दुर्गे स्मृता हरसि भीतिमशेषजन्तोः
स्वस्थैः स्मृता मतिमतीव शुभां ददासि ।
दारिद्र्यदुःखभयहारिणि का त्वदन्या
सर्वोपकारकरणाय सदार्द्रचित्ता ॥ १६ ॥

एभिर्हतैर्जगदुपैति सुखं तथैते
कुर्वन्तु नाम नरकाय चिराय पापम् ।
संग्राममृत्युमधिगम्य दिवं प्रयान्तु
मत्वेति नूनमहितान्विनिहंसि देवि ॥ १७ ॥

दृष्ट्वैव किं न भवती प्रकरोति भस्म
सर्वासुरानरिषु यत्प्रहिणोषि शस्त्रम् ।
लोकान्प्रयान्तु रिपवोऽपि हि शस्त्रपूता
इत्थं मतिर्भवति तेष्वहितेषु साध्वी ॥ १८ ॥

खड्गप्रभानिकरविस्फुरणैस्तथोग्रैः
शूलाग्रकान्तिनिवहेन दृशोऽसुराणाम् ।
यन्नागता विलयमंशुमदिन्दुखण्ड
योग्याननं तव विलोकयतां तदेतत् ॥ १९ ॥

दुर्वृत्तवृत्तशमनं तव देवि शीलम्
रूपं तथैतदविचिन्त्यमतुल्यमन्यैः ।
वीर्यंच हन्तृ हृतदेवपराक्रमाणाम्
वैरिष्वपि प्रकटितैव दया त्वयेत्थम् ॥ २० ॥

केनोपमा भवतु तेऽस्य पराक्रमस्य
रूपं च शत्रुभयकार्यतिहारि कुत्र ।
चित्ते कृपा समरनिष्ठुरता च दृष्टा
त्वय्येव देवि वरदे भुवनत्रयेऽपि ॥ २१ ॥

त्रैलोक्यमेतदखिलं रिपुनाशनेन
त्रातं त्वया समरमूर्द्धनि तेऽपि हत्वा ।
नीता दिवं रिपुगणा भयमप्यपास्त-
मस्माकमुन्मदसुरारिभवं नमस्ते ॥ २२ ॥

शूलेन पाहिनो देवि पाहि खड्गेन चाम्बिके ।
घण्टास्वनेन नः पाहि चापज्यानि स्वनेन च ॥२३॥
प्राच्यां रक्ष प्रतीच्यां च चण्डिके रक्ष दक्षिणे ।
भ्रामणेनात्मशूलस्य उत्तरस्यां तथेश्वरि ॥ २४ ॥
सौम्यानि यानि रूपाणि त्रैलोक्ये विचरन्ति ते ।
तानि चात्यर्थघोराणि ते रक्षास्मांस्तथा भुवम् ॥२५॥
खड्गशूलगदादिनि यानि चास्त्राणि तेऽम्बिके ।
करपल्लवसंगीनि तैरस्मान् रक्ष सर्वतः ॥२६॥

। ऋषिरुवाच ।

एवं स्तुता सुरैर्दिव्यैः कुसुमैर्नन्दनोद्भवैः ।
अर्चिता जगतां धात्री तथा गन्धानुलेपनैः ॥२७॥
भक्तया समस्तैस्त्रिदशैर्दिव्यैर्धूपैस्तुधूपिता ।
प्राह प्रसादसुमुखी समस्तान् प्रणतान् सुरान् ॥२८॥

। देव्युवाच ।

व्रियतां त्रिदशाः सर्वे यदस्मत्तोऽभिवाञ्छितम् ।
ददाम्यहमतिप्रीत्या स्तवैरेभिः सुपूजिता ॥ २९ ॥

। देवा ऊचुः ।

भगवत्या कृतं सर्वं न किंचिदवशिष्यते ।
यदयं निहतः शत्रुरस्माकं महिषासुरः ॥३०॥
यदि चापि वरो देयस्त्वयास्माकं महेश्वरि ।
संस्मृता संस्मृता त्वं नो हिंसेथाः परमापदः ॥३१॥

यश्चामर्त्यैः स्तवैरेभिस्त्वांस्तोष्यत्यमलानने ।
तस्य वित्तर्द्धिविभवैर्धनदारादिसम्पदाम् ।
वृद्धयेऽस्मत्प्रसन्ना त्वं भवेथाः सर्वदाम्बिके ॥३२॥

। ऋषिरुवाच ।

इति प्रसादिता देवैर्जगदर्थे तथात्मनः ।
तथेत्युक्त्वा भद्रकाली बभूवान्तर्हिता नृप ॥ ३३ ॥
इत्येतत्कथितं नृप संभूता सा यथा पुरा ।
देवी देवशरीरेभ्यो जगत्त्रयहितैषिणी ॥ ३४ ॥
पुनश्च गौरीदेहात्सा समुद्भूता यथाऽभवत् ।
वधाय दुष्टदैत्यानां तथा शुम्भनिशुम्भयोः ॥ ३५ ॥
रक्षणाय च लोकानां देवानामुपकारिणी ।
तच्छृणुष्व मयाख्यातं यथावत्कथयामि ते ॥ ३६ ॥

॥ इति शक्रादि स्तुतिः ॥

ચંડીપાઠનો ગરબો.

શક્રાદય સુરગણ મળી, અંબાના ગુણ ગાય;
જગજનની ગિરિનંદની, ભય ભંજની માય. ટેક. ૧
રૂપ અનોપમ માતનું, વાણીથી ન કહેવાય;
સુંદરતા ત્રૈલોકમાં, તેથી છબી સરસાય.--શક્રા. ૨
વસ્ત્રધર્યાં માએ જરકસી, જાણે પ્રાત દિનેશ;
કમળકોશ માંહી ચંચળા, શોભે યથા સુરેશ--શક્રા. ૩
કેશપાશ રવિનંદની, ગંગ કુસુમની માળ;
સેંથો સિંદૂર સરસ્વતિ, વેણી ત્રિવેણી વિશાળ.--શક્રા. ૪
શરદિંદુ સરખું વદન છે, દંત દાડિમ બીજ;
મંદ મંદ મંજુલ હસે, જાણે ઝબુકે બીજ.—શક્રા. ૫

ચપલાયત માની આંખડી, પંકજ પાંખડી માન ;
કિર ચંચૂ જેવી નાસિકા, કંઠ કંબુ સમાન.—શક્રા. ૬
પીન પયોધર ઓપતાં, જાણે કચન કુંભ;
બલિહારી ભુજ દંડની, ભાંજ્યા દૈત્યના દંભ.—શક્રા. ૭
કંઠાભરણ હીરે જડયા, ઝાલ ઝુમણું તાંત;
કંકણ સોહે જડાવનાં, ઝુમખ મોતીની પાંત.—શક્રા. ૮
રમઝમ ફરે મા ફુંદડી, શોભે અપરંપાર;
દેવાગના રંગ રંગનાં, અંગ અંગના શણગાર.—શક્રા. ૯
વળી વળી પાડે તાળીઓ, લટકાળી સુરનાર;
કટિમેખળી ક્ષુદ્ર ઘંટિકા, ઝાંઝરનો ઝમકાર. —શક્રા. ૧૦
ચાચરમાં ગરબે રમે, ગાય મધુરાં ગીત;
ચંગ મૃદંગ મધુરા વાજે, નાચે ગત સંગીત.—શક્રા. ૧૧
ઘુઘરી પાયે ઘમઘમે, નૂપુરના રણકાર;
ખડછંદા પડે ગગનમા, શેષ સહે નહિં ભાર.— શક્રા.૧૨
સુંદરતા લાવણ્યતા, વાણીથી ન કહેવાય;
સાગર નીર ગંભીર જેમ, ગાગરમાં ન સમાય.—શક્રા. ૧૩
ચંડ પરાક્રમ ચંડિકા, કીધો દૈત્યનો નાશ;
ચરણ શરણે આવી રહ્યા, જાણે દાસના દાસ.—શક્રા. ૧૪
ચક્ર ગદા શર ચાપથી, કાલી ખડગ કટાર;
રક્ષા કરો નિજ શસ્ત્રથી, નોધારાના આધાર.—શક્રા. ૧૫
પાહિ પાહિ પરમેશ્વરી, પાહિ જગદાધાર;
પાહિ પાહિ મહિષમર્દની, પાહિ શ્રી જનોદ્ધાર.—શક્રા. ૧૬
પ્રસન્ન થઇને દેવિ કહે, માગો સુર વરદાન;
દેવ કહે સુણો અંબિકા, એ દુઃખ ત્રિપિન કૃશાન.—શક્રા. ૧૭
કષ્ટ સમે સુર સાથને, થાજો તમેરે સહાય;
તથાસ્તુ કહીને થયાં, અંતર્ધ્યાન ઉમાય. —શક્રા. ૧૮
શુંભ નિશુંભ સંહારવા, પ્રગટ્યા રણઝોડરાય;
કથા સકળ વિસ્તારથી, ભાખી શ્રી મુનિરાય.—શક્રા. ૧૯

આરતી.

श्री हाटकेश्वरः प्रसन्नोऽस्तु ।

જે શિવ હાટકેશા, જે શિવ હાટકેશા;
વિરંચિ વૈરંચિ (૨), વન્દે વિશ્વેશા. જે શિવ૦ ૧

વેદ સ્કન્દ પુરાણે, તૃતિયા પરિચ્છેદે (૨);
પ્રગટ પ્રમાણ સ્હસ્યો, (૨) જ્યોતિર્લિંગ ભેદે. જે શિવ૦ ૨

આનન્દે ચમત્કારે નગરે વૃદ્ધાખ્યે (૨)
પાતાળે શુભ દેશે (૨) લિંગે સ્વર્ણાખ્યે. જે શિવ૦ ૩

શિરઃ કંઠે બાહુ, હૃદયે ધર સર્પા (૨)
અર્ધાંગે જગદંબા (૨) દુષ્ટ હરણ દર્પા. જે શિવ૦ ૪

વૃદ્ધ સ્વરૂપ અનૂપ નન્દિ સ્વીકારે (૨)
ભક્તે હૃદય પ્રકાશે (૨) મહા પુરૂષાકારે. જે શિવ૦ ૫

એક દ્વિતિ પંચ, આનન કર નેત્રે (૨)
શિવ શક્તિરૂપ દેવ્યા (૨) વ્યાપિક બહુ ક્ષેત્રે. જે શિવ૦ ૬

ચંદન બિલ્વાક્ષતાદિ, અર્ચે પદ મુક્તિ (૨)
સાંગસવાહન આયુધ (૨) અર્પુજ પદ મુક્તિ. જે શિવ૦ ૭

ચંદ્ર અર્ધ ધૃત ભાલે, વિભૂતિ તન છાજે (૨)
યજ્ઞોપવિત માલા (૨) મૃગ છાલા રાજે. જે શિવ૦ ૮

સહસ્રાનન ચતુરાનન, તાલમૃદંગ વાયે (૨)
શિવ સુખકર દ્વિજપટને (૨) નાગર ગુણ ગાયે. જે શિવ૦ ૯

श्री जगदंबा प्रसन्नास्तु ।

જે અંબે આઈ, જે અંબે આઈ;
ઉત્તમ-અમ્બર અંગે (૨) ધાર્યાં સુખદાઈ.   જે અંબે૦ ૧

તું માતા તું ત્રાતા, તું ભગિની બાઈ; (૨)
સુરિનર મુનિ આરાધે (૨) ગુણ તારા ગાઈ.   જે અંબે૦ ૨

ચંડ મુંડને ચૂર્યાં, ધીરજથી ધાઈ (૨)
સુરનાં કારજ સાધ્યાં. (૨) શુભ્ર ભલાં સાહિ.   જે અંબે૦ ૩

શંકર તુજને સેવે, હૈડે હરખાઈ (૨)
તમે રહ્યાં અર્ધાંગે, (૨) હે ગિરિજી જાઈ.   જે અંબે૦ ૪

ચતુર-વદનથી બ્રહ્મા ગુણ ગાયે તારા (૨)
વનમાળિ મનમોહન (૨) ક્ષીરધિમાં ધ્યાયા.   જે અંબે૦ ૫

યજ્ઞ જાપ જપ તપથી દુર્લભ તુજ દર્શન (૨)
આરતી પુજન કરતાં (૨) સહેજે થાઓ પ્રસન્ન.   જે અંબે૦ ૬

વિનવે નાગર જ્ઞાતિ, કર સમ્પુટ કરીને (૨)
પ્રસન્ન થાઓ માત (૨) દયા દિલે ધરીને.   જે અંબે૦ ૭

અંબે માની આરતી, ભાવ સહિત ગાશે (૨)
ભણે શિવાનન્દ સ્વામી, (૨) સુખ સંપત્ત થાશે.   જે અંબે૦ ૮

मन्त्रपुष्पाञ्जलिः ।

ॐ नमो महद्भ्यो नमोऽर्भकेभ्यो नमो युवभ्यो नम आसीनेभ्यः । यजाम देवा न्यदिशक्रवा ममाज्या यशसं समावृक्षी देवाः ॥ हरिः ॐ । यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ॥ तेहनाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥ ॐ राजाधिराजा प्रसह्य साहिने नमो वयं वैश्रवणाय कुर्महे । स मे कामान्कामाय मह्यं कामेश्वरो वै श्रवणो ददातु । कुबेराय वैश्रवणाय महाराजाय नमः । ॐ स्वस्ति । साम्राज्यं भौज्यं स्वराज्यं वैराज्यं पारमेष्ठ्यं राज्यं महाराज्यमाधिपत्यमयं समन्त पर्यायी स्यात्सार्वभौमः सार्वायुष आन्तादापरार्धात् ॥ पृथिव्यै समुद्रपर्यन्ताया एकराडिति । तदप्येषः श्लोकोऽभिगीतः ।

मरुतः परिवेष्टारो मरुत्तस्यावसन् गृहे ।
आविक्षितस्य काममेर्विश्वे देवाः समासदः ॥ इति ॥

। समाप्तमिदं पुस्तकम् ।